Seat No..................

No. of Printed Pages - 2

[23]

# SARDAR PATEL UNIVERSITY

## B.A.(Semester-5) Examination (NC) (OLD COURSE)

Tuesday, 29th December, 2020

**Session: Morning Time :10:00 a.m to 12:00 p.m**

**GUJARATI**

**UA05CGLT14** : અપઠિત (અનસીન)

કુલ ગુણ - ૭૦

પ્રશ્ન - ૧ નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર આપો (૪૦ ગુણ)

પ્ર.૧. વિચારવિસ્તાર કરો ૧) ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.
૨) જગતની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

પ્ર.૨. વિચારવિસ્તાર કરો ૧) ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેર તણી ભસ્મકણી ન લાધશે !
૨) ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ,
ને ગમતાંનો કરીએ ગુલાલ.

પ્ર.૩. નીચે આપેલા પરિચ્છેદનો સંક્ષેપ કરો

આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટાવો, આપણે આત્મશ્રદ્ધા ખોઇ બેઠા છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને એવી છાની છાની બાબતો આપણામાં ઘુસતી આવે છે તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે, તમારા જ્ઞાનતંતુઓ મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતલ રહ્યા છીએ. હવે રોવાનું છોડી દઈને તમારા પોતાના પગ પર ખડા થાઓ અને મર્દ બનો, મર્દ બનાવનારા ધર્મની આપણને જરૂર છે. મર્દ બનાવનારા સિદ્ધાંતોની આપણને જરૂર છે અને સાચનું પારખું આ છેઃ જે કાંઈ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુમાં જરા પ્રાણ નથી, એ સાચું હોઈ શકે જ નહિ. સત્ય એટલે શકિત, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે સર્વજ્ઞતા, સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઇએ, પ્રકાશ આપનાર હોવું જોઈએ, જોખદાયક હોવું જોઈએ.

(P.T.O)

પ્ર.૪ નીચે આપેલા પરિચ્છેદનો સંક્ષેપ કરો

સ્નાન, ભોજન અને નિદ્રા એ ત્રણેયની જે ખૂબીઓ છે, તે પ્રાર્થનામાં છે. ઊંઘથી શરીરને આરામ અને ઉત્સાહ મળે છે, એવી રીતે પ્રાર્થનાથી મનને આરામ અને ઉત્સાહ મળે છે. ભોજનથી શરીરનું પોષણ થાય છે, પ્રાર્થનાથી મનનું પોષણ થાય છે, સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે, તો મનની પ્રાર્થનાથી થાય છે. શરીર રોજ મેલું થાય છે, તેથી તેને રોજ સ્નાન કરાવવું પડે છે. એવી. જ રીતે મનને પણ રોજ સાફ રાખવું પડે છે અને મનને માટે ઉત્તમ સ્નાન પ્રાર્થના છે. સર્વોત્તમ પ્રાર્થના મૌન છે તેમ છતાં માણસને ઈશ્વરે જીભ આપી છે, તેથી માણસ જીભનોયે ઉપયોગ કરી લે છે. 'કુરાન' હોય કે "બાઈબલ' હોય. "ગીતા" હોય કે સંતજનોના ભજન હોય તેનો આપણે પ્રાર્થનામાં ઉપયોગ કરીએ છીએ. આપણી ભાવના પ્રગટ કરવા માટે આપણે સંતોની વાણીનો, ધર્મગ્રંથો વગેરેનો સહારો લઇએ છીએ. એ બધી વાણી વરસોથી ચૂંટાતી આવી છે, અને તેથી તેમાં તાકાત છે. 'મર્દન ગુણવર્ધનમ્" વરસોથી ચૂંટાતી આવી હોવાને કારણે તે વાણીની પોટેન્સી ઘણી વધી ગઈ હોય છે. એ વાણીનો મર્મ આપણામાં આત્મસાત થતો રહેવો જોઈએ. પ્રાર્થના પોપટપાઠ જેવી ન બનવી જોઈએ, જે પ્રાર્થના બોલાય, જે ભજનો ગવાય, તેનું અર્થ ચિંતન પણ ચાલતું રહેવું જોઈએ. અર્થ-ચિંતનની સાથોસાથ તેનો જીવનમાં અમલ કરવાની કોશિશ પણ સતત ચાલતી રહેવી જોઈએ. આમ થાય છે, ત્યારે જ પ્રાર્થનાની શક્તિનોયે આપણને અનુભવ થાય છે.

પ્રશ્ન ૨. નીચેની ચાર ટૂંકનોધમાંથી <u>કોઈપણ બે</u> ટૂંકનોધના ઉત્તર આપો (૩૦ ગુણ)

૧) નીચે આપેલા છંદના બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો

૧. મંદાક્રાંતા ૨. હરિણી ૩. સોરઠો

૨) નીચે આપેલા છંદના બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો

૧. પૃથ્વી ૨. શિખરિણી ૩. દોહરો

૩) નીચે આપેલા અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો

૧. ઉપમા ૨. ઉત્પ્રેક્ષા ૩. વર્ણાનુપ્રાસ

૪) નીચે આપેલા અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો

૧. રૂપક ૨. દૃષ્ટાંત ૩. શબ્દાનુપ્રાસ

—x—